દર મહિનાની ૮ તારીખે અંક પ્રસિધ્ધ થાય છે.

| પંચવર્ષિય રૂા. ૫૦૦, | આજીવન રૂા. ૨૦૦૦, | છુટક નકલ ૧ નંગના રૂા. ૧૦ |
|---|---|---|
| જુલાઈ : ૨૦૨૫ | વર્ષ - ૩૦ | અંક : ૭ સળંગ અંક : ૪૧૮ |

www.satvaramahamandal.org, email : darpan@satvaramahamandal.org

॥ જય સિધ્ધનાથ ॥ ॥ જય સતવારા ॥

## શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા પ્રકાશિત

### માસિક

# સતવારા દર્પણ



**પ્રમુખશ્રી**
**શંકરભાઈ આર. દલવાડી**
મો. ૯૮૨૪૫ ૦૩૯૨૨

**સતવારા દર્પણ તંત્રીશ્રી**
**રમણલાલ સી. મકવાણા**
મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧

**મહામંત્રીશ્રી**
**રાજેશભાઈ કે. મકવાણા**
મો. ૯૪૨૬૩ ૯૪૯૯૯

# Ozat

## Theme Park & Resort




**સતવારા સમાજ માટે ગૌરવ સમાન રિસોર્ટ**
**વોટર પાર્ક તેમજ એડવેન્ચર પાર્ક**

જ્ઞાતિબંધુઓ માટે ખાસ વાર-તહેવાર રજા
તેમજ વેકેશન માણવા માટે સાસણ-ગીરના દ્વાર
સમાન જુનાગઢ-મેંદરડા રોડ પર ઓઝત નદીના
કિનારે અને ગિરનાર પર્વતની ટેકરીઓ સામે...

જ્ઞાતિની શાળાઓ, કોલેજ, ટયુશન કલાસીસ
ધરાવતા શિક્ષણવિદો માટે પિકનીકનું સ્થળ...

**મેરેજ ફંકશન તથા પ્રિ-વેડીંગ શુટ માટે વિશાળ જગ્યાની સુવિધા...**

Anandpur Dam, Mendarda Highway, Junagadh

**Park +91 97252 10510 M. +91 97243 62243**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા આપણા સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ધોરણ ૧૦ અને ૧૨ (સામાન્ય પ્રવાહ, કોમર્સ પ્રવાહ અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓને બિરદાવવા અને ઉત્સાહિત કરવા અંગે

વ્હાલા જ્ઞાતિજનો,

શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા ત્રણ વર્ષ અગાઉ સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓના નામ સતવારા દર્પણમાં પ્રકાશીત કર્યા હતા. આ વર્ષે પણ તેમના નામો સતવારા દર્પણમાં પ્રકાશીત કરવા તેવું મહામંડળનુ માનવું છે. અને ઘણા લોકોના સુચનો પણ આવેલ છે.

અગાઉ આપણે ધોરણ ૧૦ માં ૯૦ ટકા કે તેથી વધારે (પરસન્ટાઈલ નહિ) અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ કોમર્સ પ્રવાહ, વિજ્ઞાન પ્રવાહ ૮૦ ટકા અથવા તેથી વધારે મેળવેલ ટકા (પરસન્ટાઈલ નહીં) વિદ્યાર્થીઓના વાલીઓને જણાવવાનું કે તેઓ નીચે દર્શાવેલ સંપર્ક નંબર અને દોરેલા કોઠા પ્રમાણે મારા વોટસ એપ પર જલ્દી મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે. જેથી તેમની માહિતી સતવારા દર્પણમાં જલ્દી પ્રકાશિત કરી શકાય. જેમ જેમ માહિતી આવતી જશે તેમ તેમ વિદ્યાર્થીઓના નામ પ્રકાશીત કરતા રહીશું. આના માટે નીચે દર્શાવેલ કોઠા પ્રમાણે જણાવવું જરૂરી છે. વિદ્યાર્થી કયા ધોરણમાં હતા તે જણાવવું આવશ્યક છે.

**શ્રી રમણલાલ સી. મકવાણા**
**તંત્રી શ્રી સતવારા દર્પણ**
**સંપર્ક નં. મો. ૯૮૨૪૭ ૮૮૨૦૧**

| વિદ્યાર્થીનો પાસપોર્ટ સાઇઝનો ફોટો | વિદ્યાર્થીનું પૂરૂં નામ સરનામુ | ગામ-તાલુકો જિલ્લો મોબાઈલ નંબર | કુલગુણ | મેળવેલ ગુણ | ધોરણ | મેળવેલ ટકા (પરસન્ટાઇલ નહી) |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | નોંધ : ઉપરોક્ત કોઠા પ્રમાણે માહિતી મોકલવી ધોરણ-૧૦ અને ધોરણ ૧૨ ના વિદ્યાર્થીઓએ | | | | | |

# અશ્રુભરી શ્રદ્ધાંજલિ

## શ્રી સ્વ. સેવંતીલાલ મંગળદાસ કડિયા-પાટણ(ઉ.ગુ.)



**શ્રી સ્વ. સેવંતીલાલ મંગળદાસ કડિયા**

પાટણ (ઉ.ગુ.)ના વતની, નિવૃત્ત ધોળકા સર્કલ પોસ્ટમાસ્તર, ''સથવારા બંધુ''ના તંત્રી, શહેરી સમાજના આગેવાન, (૧) ''સતવારા (સથવારા) જ્ઞાતિનો ઈતિહાસ, પાના-૨૦૦, આવૃત્તિ-૧, પ્રત-૬૦૦ (૨) ''સતવારા (સથવારા) જ્ઞાતિનો ઈતિહાસ અને માહિતી'' પાના-૫૦૦ આવૃત્તિ-૨, પ્રત-૨૦૦૦ (૩) ''સિદ્ધનાથ મહાદેવ રથયાત્રા અને કર્મવીરો,'' પાના-૫૦૦, પ્રત-૨૦૦૦ના લેખક : પાટણ સથવારા-કડિયા સમાજનાઆગેવાન સ્વ. સેવંતીલાલ મંગળદાસ કડિયા-પાટણનું તા. ૧૭-૬-૨૫ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. દુનિયાભરમા સથવારા-સતવારા-કડિયા-(મિસ્ત્રી) સમાજવતી અત્યંત દુઃખની લાગણી અનુભવી, સદ્‌ગતના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા પોતાના શ્રી ચરણોમાં સ્થાન આપી શાશ્વત શાંતિ પ્રદાન કરે તેવી પ્રભુ પ્રાર્થના. તેમના (હૃદયરોગ) અવસાનનો કારમો આઘાત સહન કરવાની તેમના પરિવારજનો, સગા-સંબંધીઓ અને પ્રેમી સમાજ જનોને પરમ કૃપાળુ પરમાત્મા શક્તિ આપે તેવી પ્રભુ પ્રાર્થના.

હું ઈતિહાસનો વિદ્યાર્થી **(B.A.(1976) M.A. (1974** ઈતિહાસ). મને સદા વિચાર આવ્યા કરતો કે બધા સમાજોને પોતાના ઈતિહાસ છે. આપણા સમાજનું કોઈ ઈતિહાસ-પુસ્તક નથી. જે હોવું જરૂરી છે. મેં એક બે (સતવારા સમાજના) ઈતિહાસના પ્રાધ્યાપકોને સમાજનો ઈતિહાસ લખવા સુચન -વિનંતી કરી, પણ કાંઈ થયું નહીં. તે સમયે હું શ્રી સ.સ.મહામંડળનો મંત્રી હતો. મેં અમદાવાદ બોર્ડીંગ ઉપર ગુજરાત ભરના આગેવાનોને બોલાવી ચર્ચા વિચારણા કરી ''શ્રી સતવારા જ્ઞાતિ ઈતિહાસ સમિતી''ની રચના કરી. બે-પાંચ કમિટીઓ અને પદાધિકારીઓ નિમાયા. મીટિંગમાં મહામંડળના મહામંત્રી (૨૦૧૩) માન. શ્રી દામજીભાઈ કણજારીયા ઉપસ્થિત હતા. મેં વિનંતી કરી કે મહામંડળ ખર્ચ ભોગવે, તો સમાજમાં ગુજરાતભરના આગેવાનો રાજસ્થાન-રૂબરૂ જઈ સતવારા-માલી સમાજના સંબંધ વિશે જાણી આવે. તેમણે સંમતી આપી. અમે છ આગેવાનો રાજસ્થાનના મુખ્ય શહેરોના મુખ્ય આગેવાનોને રૂબરૂ મળ્યા, તેમણે અમારૂં સ્વાગત-સન્માન કર્યું. અને સારી સરભરા કરી. ત્રણ બારોટજીઓને પણ મળ્યા. પ્રવાસથી અમને લાગ્યું કે સતવારા અને માલી એક સમાજ નથી, પરંતુ સામાજીક, આર્થિક, ધાર્મિક શૈક્ષણિક, રીતે એક જેવા જ છે. તેથી અમે વર્ષ-૨૦૧૩ના વિરમગામ ખાતે સિદ્ધનાથ મહાદેવ સમૈયા ઉત્સવમાં અમારા પ્રવાસની વાત કરી. ''સતવારા-માલી'' સમાજ એકતા માટે ઠરાવ સર્વાનુમતે કર્યો. કારણ કે માલી સમાજના આગેવાનો બંને સમાજોની એકતા ઈચ્છે છે. માલી સમાજ વિરાટ અને ચાલાક છે. માલી સમાજે દેશભરના ફૂલનો ધંધો કરનારને ''માલી'' ગણવી. માલી

સમાજમાં સમાવી લીધા છે. (આ લોકોની જ્ઞાતિ-જાતિ ગમે તે હોય) રાજસ્થાનના બેવાર મુખ્યમંત્રી રહેલ અશોક ગેહલોતજી માલી છે. તેમના ૫-૭ સાંસદ અનેક ધારાસભ્યો પ્રધાનો છે. સરકારી લાભો લેવા માલી સમાજે બે અખિલ ભારતીય સંમેલનો-૫૦૦૦૦ની હાજરીવાળા-દિલ્હી ખાતે કર્યા છે. તેમની સાથે જોડાવાથી આપણને કોઈ નુકશાન નથી, લાભ છે. માનીએ તો તે આપણા મોટાભાઈ અને આપણે તેમના નાનાભાઈ છીએ. બંને સમાજનું સંગઠન વિકસે તો બંનેને ફાયદો છે.

રાજસ્થાનના પ્રવાસ પછી માન. સેવંતીભાઈ તેમના સથવારા બંધુ''માં રાજસ્થાન પ્રવાસથી પ્રેરિત થઈ ''સતવારા જ્ઞાતિનો ઈતિહાસ'' વિશે લેખો લખવા લાગ્યા. મેં વિનંતી કરી કે મુખપત્રના લેખો સચવાશે નહિ. પુસ્તક લખો તો જ્ઞાતિનો ઈતિહાસ સચવાશે. તેમણે પાટણ સમાજના સહકારથી ''સતવારા (સથવારા) જ્ઞાતિનો ઈતિહાસ પાના-૨૦૦, પ્રત-૬૦૦ છાપી. મેં સાથે રહી ૪-૬ મહિના મેં તે વેચાવી દીધી. વિરાટ સમાજમાં આટલી પ્રતો પાશેરામાં પહેલી પૂણી જેવી હતી. અવિરત માંગ થતાં મેં તેમને કહ્યું કે (૧) પૈસાની ચિંતા ન કરો (૨) ઈતિહાસ ઉપરાંત સમાજ વિશેની માહિતી સાથે બીજા આવૃત્તિ ૨૦૦૦ નકલો છાપો. તેમણે તેમ કર્યું. મેં એક વર્ષ સાથે રહી તે ગુજરાતભરમાં વેચાવી રૂા. ૫૦૦/- ની પડતર કિંમતનું પુસ્તક રૂા. ૨૦૦માં વેચ્યુ. ખુટતી રકમ જાહેરાતોથી મળી ગઈ. ખૂટતી રકમ જાહેરાતોમાંથી મળી ગઈ. ''સિદ્ધનાથ મહાદેવ રથયાત્રા અને કર્મવીરો'' પુસ્તક લખવા મેં તેમને વિનંતી કરી, કારણકે ''રથયાત્રા'' (૨૦૦૩) થી આપણા સમાજમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું હતું. રથયાત્રા પ્રસંગે આપણો સમાજ આટલી પેઢીઓમાં ક્યારેય ન જાગ્યો હોય તેવો જાગ્યો હતો. રથયાત્રાના પ્રયાણથી માંડી અંત સુધી સમગ્ર સમાજમાં અભૂતપૂર્વ જાગૃતિ રહી. રથયાત્રાના પરિણામે સમાજ અતિ પછાત અવસ્થામાંથી આધુનિક સમાજોની હરોળમાં આવી ગયો. તેમણે ''રથયાત્રા અને કર્મવીરો'' પુસ્તક લખ્યું મેં શ્રી શંકરભાઈ દલવાડી મારફત ગુજરાતભરના આગેવાનોને આ પુસ્તકો ટ્રાંસપોર્ટથી મોકલી, વેચાવી દેવરાવ્યા. આમ સેવંતીભાઈ કડિયાએ (૧) સમાજને આપણા ઈતિહાસને વિસ્તૃત પરિચય આપ્યો. (૨) સમાજનો કોઈપણ બે-ચોપડી ભણેલો પણ દુનિયાનો કોઈ સતવારો ન જાણતો હોય તેવી અને તેટલી વર્તમાન સમાજ વિશેની માહિતી બીજા ગ્રંથથી આપી. જે અમૂલ્ય અને અનન્ય પ્રદાન છે. (૩) ''રથયાત્રા અને કર્મવીરો'' ગ્રંથ લખી તેમણે (૧) સમાજની એક ક્રાંતિકારી મહાન ઘટનાને ઈતિહાસ રૂપે કાયમ માટે સચવાઈ રહે તેવી વ્યવસ્થા કરી, સમાજની અત્યંત મહાન સેવા કરી છે. ઉપરોકત ત્રણે ગ્રંથો મહાન છે, આપણા સમાજની મહા-મૂડી છે, જે યુગો સુધી સમાજના પ્રેરણા અને માર્ગદર્શન આપશે. આ રીતે જોઈએ તો સ્વ. સેવંતીલાલ મંગળદાસ કડિયાએ આપણા સમાજની કરેલ મહાન સેવા-અમૂલ્ય સેવા આપણી જ્ઞાતિનો ઈતિહાસમાં સદા કાળ માટે અમર રહેશે. આટલી પેઢીઓમાં કોઈ મહાનુભાવે સમાજ ઉપયોગી આવું અને આટલું ઉમદા સાહિત્ય સર્જન કરેલ નથી જેની નોંધ લેવા જેવું છે.

રથયાત્રાથી (૧) સમાજમાં જાગૃતિનું વાવાઝોડું ફૂંકાયું-સમાજ ખૂબ જાગૃત થયો. (૨) સમાજમાં સંગઠન એકતા અને જાગૃતિ આવી. (૩) તડ અને ગોળમાં વેરવિખેર સમાજ એક તાંતણે બંધાયો. સમરસ થયો. (૪) સમાજને એક સમયે કોઈ ઓળખતું નહીં, આજે બધા જ ઓળખતા અને માન,લાગણી દર્શાવતા થયા. (૫) સ્થાન સ્થાન ઉપર સમાજભવન-જ્ઞાતિવાડીઓ-ધર્મશાળાઓ-બોર્ડિંગો-કન્યાશાળાઓ-લાખો કરોડોના ખર્ચે ઉભા થયા અને ઉભા થતા જાય છે. (૬) શિક્ષણનો અત્યંત વિકાસ થયો. (૭) વાલીઓને મહાનુભાવોને સાંભળીને લાગ્યું કે બાળકોને ભણાવવા જ જોઈએ. તેમણે પેટે પાટા બાંધી ઉછીના વ્યાજના નાણા લાવી બાળકોને ભણાવ્યા. (૮) વિદ્યાર્થીઓને પણ રથયાત્રાના ભાષણો સાંભળીને લાગ્યું કે ભણ્યા વગર ઉદ્ધાર નથી. તેમણે રાત-દિવસ એક કરી ઉંચી ડીગ્રીઓ અને ઉંચા પગાર મેળવ્યા. (૯) રાજકીય રીતે આપણી ખાસ કોઈ કિંમત નહોતી, આજે પ્રધાન કક્ષાના હોદ્દાઓ છે (૧૦) રથયાત્રાથી શિક્ષણ વધતાં સમાજન સર્વાંગી વિકાસ થયો છે, સમાજ ઉન્નત વર્ગોની

હરિફાઈ કરી રહ્યો છે. આમ રથયાત્રાના અનેક ફાયદાઓ છે. રથયાત્રા (૨૦૦૩)ને ''રથયાત્રા'' પુસ્તકની રચનાથી ''રથયાત્રા''ની મહાનતા સમાજ સમક્ષ ઉજાગર કરી છે. જે સેવંતીભાઈની મહાન સેવાનું ફળ છે, આ માટે તેમને જેટલા ધન્યવાદ અપાય તેટલા ઓછા છે.

(૧) માન. સેવંતીભાઈએ શહેરી સમાજની પણ ખૂબ સેવા કરી છે. તેમણે બે-વસ્તીપત્રકો, પ્રકાશિત કરી સમાજની એકતા-સંગઠન અને જાગૃતિમાં સિંહફાળો આપેલ છે. (૨) તેમણે ''સથવારા-બંધુ'' માસિક ૨૦ વર્ષ સુધી પ્રકાશિત કરી સમાજને સતત પ્રેરણા આપી જાગ્રત રાખ્યો છે. (૩) તેમે પાટણ સમાજની વાડીના નિર્માણમાં સિંહફાળો આપેલ છે. (૪) તેમમે પાટણના પ્રખ્યાત પ્રાચીન સમાજ-મંદિરનો જિર્ણોદ્ધાર અને વિકાસમાં ખૂબ સહકાર આપેલ છે. (૫) તેમણે શહેરી સમાજના આગેવાન તરીકે શહેરી સમાજની ઉમદા સેવા કરી છે. (૬) તેમણે પાટણ ખાતે રાજપૂત સમાજે ''મહારાજા સિદ્ધરાજ જયસિંહ સોલંકી'' વિષય ઉપર કરેલ નિબંધ સ્પર્ધામાં પ્રથમ સ્થાન મેળવી પોતાને પોતાના પરિવાર ઉપરાંત કડિયા-સથવારા સમાજનું ગૌરવ વધારેલ હતું. (૭) તેમણે નિવૃત્તિ પછી (૧) જ્યોતિષ (૨) વાસ્તુશાસ્ત્ર વિષયે ડિપ્લોમાં કોર્ષ-પાટણ યુનિ. માં કરી જૈફ વયે આ ક્ષેત્રે વિના મૂલ્યે સેવા કરી પોતાનું તથા સમાજનું ગૌરવ વધારેલ છે. (૮) તેમણે નિવૃત્તિ પછી નિવૃત પોસ્ટ ખાતાના કર્મચારીઓના મંડળના માધ્યમથી પોતાના ખાતાકીય જ્ઞાનનો લાભ આપી ઘણાને ખાતા તરફથી થયેલ અન્યાયમાં ન્યાય અપાવી નાણાંકીય ઉપરાંત માનસિક શાંતિનો મહાન લાભ અપાવેલ છે. (૯) તેમણે પોસ્ટ તથા અન્ય કર્મચારીઓના યાત્રા પ્રવાસો (LTC ટૂર)ના આયોજન કરી ઘણાને અનેરો આનંદ અને દેવદર્શનનો મહાન લાભ અનેકવાર અનેકોને અપાવેલ હતો. (૧૦) તેમણે અત્યંત ગરીબ અને કફોડી તથા નિરાધાર સ્થિતિમાં શિક્ષણમાં તેજસ્વીતા દાખવી, કર્મચારી તરીકે નિષ્ઠાપૂર્વક ખાતાની સેવા કરી. ફર્સ્ટ કલાસ ગેઝેટેડ અધિકારી કક્ષા જેવી પદવી ઉંચી પામી સમાજનું ગૌરવ વધારેલ છે. આમ સ્વ. સેવંતીલાલ ભાઈએ શૂન્યમાંથી સર્જન કરી ગામ,ગોળ, સમાજમાં ગૌરવનું સ્થાન મેળવેલ છે. (૧૧) તેમણે કેટલાંક મહાનુભાવો વિષે પુસ્તકો-જીવનચરિત્રો લખી મહાનુભાવોની મહાનતા ઉજાગર કરી છે. (૧) ચોટીલા (મૂળ-મોરબી)ના મહાન ઉદ્યોગપતિ શ્રી અશોકભાઈ કણઝારીયા ''શૂન્યમાંથી શીખર સુધી'' (૨) શ્રી રામજીભાઈ મકવાણા-લીંબડી (મારૂ)''અતિતના સંભારણા'' (૩) શ્રી શંકરભાઈ દલવાડી, શ્રી સ.સ. મહામંડળના પ્રમુખનું જીવન ચરિત્ર (નિર્માણાધીન છે.) લખી સમાજની નવી પેઢીને સમાજના મહાનુભાવોના જીવનમાંથી પ્રેરણા લેવા સંદેશ આપેલ છે. સ્વ. સેવંતીભાઈનું શરીર દુબળું હતું. તબિયત નાજુક રહેતી, પણ એમની આત્મશક્તિ પ્રબળ હતી. (૧) એક પુસ્તક લખતાં બે વર્ષ થતા. (૨) વેચતા એક વર્ષ થતું. (૩) સતવારા ઈતિહાસ, ઈતિહાસ અને માહિતી, રથયાત્રા અને કર્મવીરો માટે ૩ વર્ષ લખવામાં , ૩ વર્ષ પુસ્તક વેચવામાં (૪) ત્રણ જીવન ચરિત્રો લખવામાં ૩ વર્ષ. ઉપરાંત જાહેરાતો લેવા, ઉઘરાવવામાં એકાદ વર્ષ મળી કુલ છેલ્લા ૧૦ વર્ષમાં તેમણે રાત-દિવસ ભગીરથ પરિશ્રમ કર્યો હશે. છે કોઈ માઈનો લાલ આટલી સેવા કરનાર ? તેમના સારા લેખો સતવારા દર્પણમાં પણ પ્રકાશિત આપણા તંત્રીશ્રી કરતા હતા.

આ મુઠી ઉંચેરા માનવીની મહાનતા શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. જે પરિસ્થિતિ (બાળપણ)માંથી તેમણે માર્ગ કાઢી મહાનતા મેળવી છે, તે ધ્યવાદને પાત્ર છે, આપણે સૌએ પ્રેરણા લેવા જેવી છે. સમગ્ર સમાજ વતી તેમની મહાનતા અને સેવા ને કોટિ કોટિ ધન્યવાદ.

શ્રી સમસ્ત સતવારા મહામંડળ તથા સમગ્ર સતવારા સમાજ તેમને નત મસ્તકે તેમને શ્રદ્ધાંજલી આપે છે.

શ્રી રમણલાલ સી. મકવાણા તંત્રી શ્રી સતવારા દર્પણનો ફોન આવ્યો હતો કે તેમને શ્રદ્ધાંજલી આપતો લેખ તમે લખો તમે તેમની સાવ નિકટ હતા તેમની સેવાને બિરદાવવી જોઈએ. અને આ સતવારા દર્પણમાં પ્રકાશિત કરી શકાય.

**લી. રામજીભાઇ એમ. મકવાણા**
**પૂર્વ મંત્રી શ્રી સમસ્ત સતવારા મહામંડળ**

# સતવારા વિદ્યાર્થી ભવન, વડોદરા

વ્હાલા જ્ઞાતિ બંધુ જય સિદ્ધનાથ,

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા સમગ્ર ટ્રસ્ટી મંડળ આપ સર્વે સમાજના વિદ્યાર્થીઓ તથા માનવંતા જ્ઞાતિબંધુ મહેમાનોનું શૈક્ષણિક-સંસ્કારી નગરી વડોદરા હાર્દિક સ્વાગત કરે છે.

આપણા ઈષ્ટદેવ સિદ્ધનાથ દાદાની અસીમ કૃપાથી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા સમાજને સ્વનિર્ભર બનાવવા સમાજના વિદ્યાર્થીઓ માટે વડોદરા વિદ્યાર્થી ભવનની નજીવી ફી રાખવાનો નિર્ણય લેવાયો છે.

આપણા સમાજના વાલીને આર્થિક હાશકારો આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આવો આપમાં જીવનમાં સર્વે હળી-મળી સમાજને ઉપયોગી બની સમાજનો વિકાસ કરીએ.

શિક્ષણ ક્ષેત્રનું હબ ગણાતા વડોદરામાં અદ્યતન-પ્રસિદ્ધ મહારાજા સયાજીરાવ યુનિ, GMERS મેડિકલ કોલેજ, બરોડા હોમીયોપેથી કોલેજ, અક્ષર મહિલા કોલેજ, શ્રી મહાલક્ષ્મી મહિલા કોલેજ, બરોડા, પારૂલ યુનિ., સુમનદિપ વિદ્યાપીઠ K.M. શાહ ડેન્ટલ કોલેજ, મેડીકલ કોલેજ, બરોડા, મુનિસેવા આશ્રમ, બેંકર નર્સિંગ, મેડિકેર સેન્ટર, નારૂંપુર ઈન્સ્ટિટયૂટ જેવી મેડીકલ કોલેજ..

તેમજ સિગ્મા ઈન્સ્ટિટયૂટ, નવરચના યુનિ.,GSFC યુનિ. ITM યુનિ., ગર્વમેન્ટ પોલિટેકનિક, SBKS યુનિ., મનુભાઈ કોલેજ, TIMS યુનિ., SMJV યુનિ., કોલેજ, બાબરીયા ઈન્સ્ટિટયૂટ, ગુજરાત ઈન્સ્ટિટયૂટ, ઓરીયન ઈન્સ્ટિટયૂટ, ઈન્દુ મેનેજમેંટ કોલેજ, શ્રી કુસુમ આર્ટ કોલેજ, શ્રી સવિતા કોલેજ, એ.પી. નર્મદા કોલેજ, JM પંડ્યા યુનિ., જવાહરલાલ નહેરૂ યુનિ. જેવી કોલેજ આપણા સતવારા વિદ્યાર્થી ભવન વડોદરાની નજીક તેમજ ત્યાં પહોંચવા ઉત્તમ સગવડ મળી રહે તેવા શહેરના મધ્યમાં શાંત-નયન રમણિય વડોદરાના હૃદય સમાન કારેલીબાગ વિસ્તારમાં આવેલી છે.

આપણા સમાજના (ભાઈઓ) વિદ્યાર્થીને નજીવી ફી ધોરણે હોસ્ટેલમાં રહી મેડિકલ, ફાર્મા, નર્સિંગ,




એન્જિનીયર, આર્કિટેક્ટ, વિવિધ પ્રોફેસનલ કોર્ષ IPS, UPSC, ટ્રેનીંગ ડિપ્લોમાં, ડિગ્રી, માસ્ટર, પીએચડી, મેનેજનેંટ, આર્ટ માટે અભ્યાસ કરી શકે છે. બહાર ગામના સમાજના જ્ઞાતિબંધુ નોકરી-વ્યવસાય-ટ્રેનીંગ માટે આવ્યા હોય તેમને રહેવા તથા જમવાની વ્યવસ્થા મળશે.

સમાજના વિદ્યાર્થી સ્વજન તથા પોતાના ઘરથી દુર રહી બહારનું ભેળ-સેળવાળા ભોજનથી તેમનું સ્વાસ્થ્ય ના બગડે તેનું ધ્યાન રાખી, ગૃહપતિ સંચાલિત ભોજનાલયની વ્યવસ્થા ટુક સમયમાં શરૂ કરવામાં આવનાર છે. (વિદ્યાર્થીએ ભોજનાલયનો ચાર્જ સંચાલકને ચૂકવવાનો રહેશે.)

ગૃહપતિની દેખરેખમાં સમાજ ભવનના રસોડામાં જ સાત્વિક ભોજન બનાવી વિદ્યાર્થીને પરોસવામાં આવશે. અવાર નવાર ટ્રસ્ટી દ્વારા આકસ્મિક મુલાકાત લઈ વિદ્યાર્થીના ભોજન-ગુણવત્તા-સ્વાદનું ધ્યાન રાખવામાં આવશે.

ગૃહપતિ તથા ટ્રસ્ટીશ્રી દ્વારા દરેક વિદ્યાર્થી સાથે

પ્રેમાળ-મિત્રતા સભર તેમની રૂબરૂ મુલાકાત લઈ તેની તકલીફ-જરૂરિયાતનું પુરતુ ધ્યાન રાખવામાં આવે છે. વહીવટી તંત્ર દ્વારા વિદ્યાર્થીને શિસ્તબધ નિયમો તથા ઘર જેવું અનુકુળ વાતાવરણનો સુમેળ મળી રહે છે.

સતવારા સમાજના વિદ્યાર્થી ભવન વડોદરામાં વિભિન્ન ગામોના સતવારા વિદ્યાર્થીઓએ અભ્યાસ-અર્થે બોર્ડિંગનો લાભ લઈ રહ્યા છે. ભવનની માવજત-સાચવણી માટે ૨૪ કલાકના ગૃહપતિ સેવામાં રાખ્યા છે. વિદ્યાર્થી માટે વપરાશ હેતુ પાણીનો બોર તથા પીવાનું શુદ્ધ પાણી મળી રહે તે માટે વોટર પ્યોરી ફાયર તેમજ ઠંડા પાણીના કુલર વ્યવસ્થા મળી રહે છે. શિયાળામાં વિદ્યાર્થીઓને ન્હાવા માટે ગરમ પાણી મળી રહે તે માટે વોટર હીટરની વ્યવસ્થા રાખેલ છે. તેમજ ભવનની બિલ્ડીંગને CCTV કેમેરાથી સુસજ્જ કરી સમગ્ર ભવનને સુરક્ષિત બનાવી વાઈફાઈથી ટ્રસ્ટી દ્વારા ૨૪ કલાક નજર રાખવામાં આવે છે.

વિદ્યાર્થીઓને એકાંતમાં વાંચન માટે લાયબ્રેરી (વાંચન રૂમ) આપવામાં આવે છે. ગૃહપતિની દેખરેખમાં સમગ્ર ભવનની સ્વચ્છતાનું પુરૂં ધ્યાન રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીના રૂમ સ્વચ્છ-સુંદર-શાંત-વાતાવરણ મળી રહે છે. વિદ્યાર્થીઓ માટે દરેક રૂમમાં લાઈટ-પંખા, પલંગ, વ્યવસ્થા છે. તથા (રૂમ દીઠ) કોમન તિજોરી કબાટ, રાઈટીંગ ટેબલની સગવડ ટુક સમયમાં કરવામાં આવનાર છે.

ત્રણ માળના ભવનમાં માળ દીઠ કોમન બાથરૂમ-ટોઈલેટની સુવિધા મળશે. વિદ્યાર્થી ભવનના કમ્પાઉન્ડમાં સુરક્ષિત પર્સનલ પાર્કિંગ મળશે.

સમાજ ભવનમાં રહેતા વિદ્યાર્થીઓને જરૂર પડે ડૉકટર, ફાર્મસી, બેંક, પોસ્ટ, સ્ટેશનરી, સલૂન, ધોબી, રીક્ષા, બસ/રેલ્વે સ્ટેન્ડ, હોટલ-લોજ, ટિફિન, સિનેમા-મોલ, માર્કેટ-અન્ય જરૂરી બજાર નજીકમાં જ મળી રહેશે.

વડોદરાના તથા બોર્ડિંગના સતવારા વિદ્યાર્થીઓને ''સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ'' છેલ્લા દસ વર્ષથી અવિરતપણે રાહતદરે નોટબુક વિતરણ કરવામાં આપણે સફળતા મેળવી રહ્યું છે.

આપણા સતવારા સમાજના બહાર ગામના મોંઘેરા મહેમાનો તથા યાત્રાળુઓ, નોકરીયાત માટે, તેમજ બહાર ગામના પરીક્ષાલક્ષી સ્નાતકો ખાસ સમાજનું ભવિષ્ય સમા વિદ્યાર્થીઓ, મહેમાનો ઉતારા આપી સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરાએ ''અતિથિ દેવો ભવ'' સૂત્રને સાર્થક કર્યું છે.

સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા દ્વારા સતવારા સમાજના વિદ્યાર્થી મિત્રો માટે વાર્ષિક (શૈક્ષણિક) રોકાણ માટે ફી રૂ. ૧૨૫૦૦ તેમજ જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓ તથા મહેમાનોને નોકરી-વેપાર ટ્રેનિંગ અર્થે માસિક રોકાણ માટે ફી રૂ. ૨૭૦૦ તથા દૈનિક રોકાણ માટે ફી રૂ. ૧૫૦ નજીવી ફી ધોરણે રહેવાની વ્યવસ્થા-સેવા સ્વરૂપે આપવામાં આવશે. વિદ્યાર્થી ભવનમાં એડમિશનની કામગીરી વહેલા તે પહેલા ધોરણે વિદ્યાર્થીના જે તે ગામના સતવારા સમાજ પ્રમુખ/કાર્યકર્તાની ભલામણ ફરજીયાત આપી, ફોર્મ તથા ફી ભરી આપવામાં આવશે.

અમને ગર્વ સાથે જણાવતા આનંદ થાય છે કે,અમારા ભૂતપૂર્વ વિદ્યાર્થી મિત્રો અહીં ભણીને આજે એન્જીનીયર, ડૉકટર, વકીલ, પ્રોફેસર, શિક્ષક, મેનેજર, પોલીસ, આર્કિટેક્ટ, સારી કંપનીમાં નોકરી મેળવી છે તેમજ સફળ બીઝનેસમેન બન્યા છે. તેમના માતા-પિતા કે કુટુંબ જ નહીં, સમગ્ર સતવારા સમાજનું નામ ઉજાગર કર્યું છે.

જુના ટ્રસ્ટી મંડળ, અનુભવી વડીલો તથા યુવામંડળના કાર્યકરોના સાથ-સહકાર, માર્ગદર્શન તેમજ ઉદાર ગામ તથા બહાર ગામના દાતાશ્રીઓના મળેલ દાન માટે અમો આપના ઋણી છીએ. આપના સહકાર બદલ ''સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા'' આપનો અને આપના પરિવારનો અંતરથી આભાર માનીએ છીએ.

**સંકલન : લાલાભાઈ એન. ખાંદળા**
**(મંત્રી : (સતવારા સમાજ ઉત્કર્ષ મંડળ વડોદરા)**
**હીરાવંતી ચેમ્બર પાછળ, આર્ય કન્યા વિદ્યાલય પાસે,**
**બહુચરાજી રોડ, કારેલીબાગ, વડોદરા-૩૯૦૦૧૮**
**માહિતી સંપર્ક મો.નં. ૯૪૨૬૩ ૭૪૩૭૭**

# સુરેન્દ્રનગર સમાજનું ગૌરવ



**નામ : ચિ. ડો. જીનલ નિતીનકુમાર દલવાડી**

મૂળ વતન સુરેન્દ્રનગરના હાલ અમદાવાદમાં રહેતા શ્રી નિતીનકુમાર ધનજીભાઈ દલવાડીની સુપુત્રી ચિ. ડૉ. જીનલ નિતીનકુમાર દલવાડીએ **M.B.B.S.** તેમજ **M.S. B.J. Medical College** અમદાવાદ ખાતે પૂર્ણ કરેલ અને હાલ માર્ચ-૨૦૨૫માં લેવાયેલ **S. S. NEET**ની પરીક્ષામાં ફર્સ્ટ કલાસ મેળવેલ છે. અને હાલમાં જ **B.J. Medical College** (સિવિલ હોસ્પિટલ) અમદાવાદ ખાતે પ્રથમ વર્ષ **M.C.H. Neuro Surgery** માં પ્રવેશ મેળવેલ છે. તેમને તેમના પરિવારનું તેમજ સમસ્ત સતવારા સમાજનું ગૌરવ વધારેલ છે.

આ તકે રૂ. ૫૦૦/- ખુશી ભેટ મોકલેલ છે.

**લિ. નિતીનભાઈ દલવાડી મો. ૯૯૧૩૩૩૮૯૩૫**

# મીઠાપુર (દ્વારકા) સતવારા સમાજનું ગૌરવ



**નામ : તુષાર લક્ષ્મણ નકુમ**

મીઠાપુરના શ્રી લક્ષ્મણભાઈડાયાભાઈ નકુમ તેમના સુપુત્ર ચિ. તુષાર લક્ષ્મણ નકુમ જેણે **S.S.C.** માં ૧૦ **C.G.P.A. H.S.C.** માં **86 % JEE Main** માં **97.68 P.R.** અને સુરત એસ.વી.એન. આઈ.ટી.માં **B.Tech** મીકેનીકલ કરી **644 C.G.P.A.** મેળવી હાલમાં ટાટા કેમિકલ લી. માં ટ્રેનીંગ તરીકે જોઈન્ટ કરેલ છે. અને તે આગળ ખૂબ જ વધુ પ્રગતિ ના પંથે રહે અને સમાજનું નામ રોશન કરે એવી દ્વારકાધીશ ભગવાનને પ્રાર્થના કરીએ. સમસ્ત સતવારા મહામંડળ તેમને શુભેચ્છા પાઠવે છે. આ બાબતે રૂપિયા ૫૦૦/- ખુશી ભેટ આપેલ છે.

**લિ. લક્ષ્મણભાઈ ડી. નકુમ**
**મો. ૯૦૫૪૭ ૪૦૧૪૦**

# સતવારા સમાજ અમદાવાદનું ગૌરવ



**હાર્દિક લક્ષ્મણભાઈ ચૌહાણ**

સહર્ષ ખુશી સાથે જણાવવાનું કે મૂળ વતન : જુના રાયસંગપુર, હળવદ અને હાલ રહેવાસી અમદાવાદના શ્રી લક્ષ્મણભાઈ ધનાભાઈ ચૌહાણ (તારબુંદિયા)ના સુપુત્ર શ્રી હાર્દિક લક્ષ્મણભાઈ ધનાભાઈ ચૌહાણએ B.E. Civil સને ૨૦૧૫માં ઉત્તીર્ણ કર્યા બાદ M.Tech (Urban Infrastructure) IITRAM University માંથી સને-૨૦૧૮માં અનુસ્નાતક પૂરૂં કરેલ હતું. ત્યાર બાદ તેઓએ GPSC દ્વારા લેવાયેલ પરિક્ષા ઉત્તીર્ણ કરીને જૂન-૨૦૧૮થી Assistant Engineer (Class-1) તરીકે NWRWS&K Narmada,Water Resource, Water supply & Kalpsar) ડિપાર્ટમેન્ટમાં ફરજ બજાવેલ છે.

વધુમાં ખુશી સાથે જણાવવાનું કે તાજેતરમાં GPSC દ્વારા લેવાયેલ Soil Survey Officer (class-1) (NWRWS&K) ની પરીક્ષા ઉત્તીર્ણ કરેલ છે. તથા તેમને હાલનું પોસ્ટીંગ અમદાવાદ જિલ્લા ખાતે આપવામાં આવેલ છે. તેમના પિતાશ્રી લક્ષ્મણભાઈ સતવારા જ્ઞાતિ મંડળ અમદાવાદમાં કારોબારી સભ્ય તરીક વર્ષો સુધી સેવા આપી ચૂક્યા છે. અને હાલમાં પણ સમાજને જરૂર હોય ત્યારે સેવા આપવા ઉત્સુક હોય છે. તેમના તરફથી સતવારા દર્પણને રૂ. ૧૦૦૧/- ખુશીભેટ મળેલ છે. સતવારા દર્પણ તેમને શુભેચ્છા પાઠવે છે.

**સંકલન : શ્રી રમણલાલ સી. મકવાણા**
**શ્રી હાર્દિકભાઈ લક્ષ્મણભાઈ ચૌહાણનો**
**મો. નં. ૭૯૮૪૮૦૨૨૪૩**

# લગ્ન વિષયક



**નામ : ઋત્વિજ કંઝારીયા**

| | | |
|---|---|---|
| જન્મતારીખ | : | ૧૦/૦૯/૧૯૯૪ |
| જન્મ સમય | : | ૦૩-૨૫ (બપોરે) |
| જન્મ સ્થળ | : | મોરબી |
| રાસિ | : | તુલા (લિબ્રા) |
| ઉંચાઇ | : | ૬ ફૂટ |
| વજન | : | ૯૫ કિ.ગ્રામ |
| ડીગ્રી | : | **B.E.** કોમ્પ્યુટર સાયંસ |
| વ્યવસાય | : | ડાયરેકટર (ગ્રીન જેનેસિઝ એનર્જી પ્રાઈવેટ લિમિટેડ |
| વાર્ષિક આવક | : | ૨૫ લાખ |
| વિવાહસ્થિતિ | : | ડિવોર્સ લીધેલ છે. (કોઈ બાળક નથી) |

**પરિવારની વિગત**

| | | |
|---|---|---|
| પિતાનું નામ | : | રોહિતભાઈ મોરારજીભાઈ કંઝારીયા |
| પિતાનો વ્યવસાય | : | રિટાયર્ડ |
| માતાનુ નામ | : | લલિતાબેન રોહિતભાઈ કંઝારીયા |
| માતાનો વ્યવસાય | : | ઘરકામ |
| બહેનો | : | બે બહેનો (વિવાહિત) |
| મોસાળ | : | રામજીભાઈ હીરાભાઈ પરમાર (નાના)<br>હસમુખભાઈ રામજીભાઈ પરમાર (મામા)<br>પ્રવીણભાઈ રામજીભાઈ પરમાર (મામા)<br>મહેશભાઈ રામજીભાઈ પરમાર (મામા)<br>વાઘપરા શેરી નં.૯, મોરબી |

મો. નં. (પિતા) ૯૮૭૯૩ ૭૬૦૦૭, ૮૭૮૦૦ ૦૨૦૩૫
સરનામું : ૧૦-B, સરકારી કર્મચારી, સોસાયટી નવા બસ-સ્ટેન્ડ સામે, મોરબી-૩૬૩૬૪૧, ગુજરાત ઈન્ડિયા
**ઈ-મેલ :** rutvijkanzaria@gmail.com
**હોબી :** ટ્રાવેલિંગ ● ગેમ્સ
**ભાષા :** ગુજરાતી, હિન્દી, અંગ્રેજી

# ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટની વાર્ષિક સાધારણ સભા, સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની કારોબારી અને સરસ્વતી સન્માન અને બ્લડ ડોનેસન કેમ્પનું ત્રિવિધ સફળ આયોજન

ભરૂચના નિલકંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે તારીખ ૧૫ જૂન ૨૦૨૫ના રોજ ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ દ્વારા ૩૨મા ઈનામ વિતરણ સમારંભ અને શ્રી સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટની કારોબારી સભાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના નાના બાળકોથી મોટા વડીલો દરેક પરિવારજનોએ વિશાળ સંખ્યામાં હાજરી આપી અને સામાજીક એકતા અને માનવતાનું સુંદર દૃષ્ટાંત પૂરૂં પાડ્યું. આ સમારંભમાં સતવારા સમાજના વિદ્યાર્થીઓને જુ. કે.જી થી કોલેજ અને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી શૈક્ષણિક, કલાત્મક તથા રમતગમતના ક્ષેત્રમાં નોંધપાત્ર સિદ્ધિ માટે ઈનામો આપવામાં આવ્યા. આ ઈનામ વિતરણ વિધિનું આયોજન શ્રી હસમુખભાઈ તારબુંદિયા દ્વારા ખૂબ કાળજીપૂર્વક રીતે કરવામાં આવ્યું હતું. સમગ્ર જનરલ મીટીંગના કાર્યક્રમનું સંચાલન અને એન્કરિંગ શ્રી કિશોરભાઈ નકુમ દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે સમગ્ર મંચને જીવંત અને ઊર્જાવાન બનાવ્યો હતો.

આ ઉજવણીનો એક વિશેષ ભાગ એ હતો કે, આ વર્ષ પ્રથમવાર રક્તદાન કેમ્પ પણ સફળતાપૂર્વક યોજાયો, જે સમાજ માટે ગૌરવની લાગણી ઊભી કરતી ઘટના બની. આ કેમ્પનું આયોજન શ્રી ઉમેશભાઈ કણઝરીયા અને શ્રી પ્રવીણભાઈ નકુમ દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પમાં મોટી સંખ્યામાં યુવાનો અને વરિષ્ઠ નાગરિકોએ ભાગ લઈને માનવ સેવાની ભાવનાને આકાર આપ્યો.

આ સમગ્ર કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે વિવિધ શહેરોમાંથી પધારેલા મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમમાં વિવિધ શહેરોમાંથી માન્યવર મહેમાનોએ પણ ખાસ હાજરી આપવા પધાર્યા હતા. સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટના પ્રમુખ શ્રી નંદકિશોરભાઈ કણઝરીયા (લીંબડી), સમસ્ત સતવારા મહામંડળના પૂર્વ મંત્રી શ્રી મોહનભાઈ નકુમ (સુરત), સમસ્ત સતવારા મહામંડળના સંગઠ્ઠન મંત્રીશ્રી વાલજીભાઈ જાદવ (થાનગઢ), સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટના મહામંત્રી શ્રી અને સમસ્ત સતવારા મહામંડળના મંત્રી શ્રી ડૉ. કરશનભાઈ ચાવડા, (અંકલેશ્વર) સમસ્ત સતવારા સમાજ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ શ્રી દિનેશભાઈ પરમાર (ગાંધીનગર) શ્રી નાનજીભાઈ કણઝરીયા (ભરૂચ) ભરૂચ જિલ્લા સતવારા સમાજના ખજાનચી શ્રી હરગોવિંદભાઈ નકુમ (અંકલેશ્વર) અને ભરૂચ જિલ્લા સતવારા સમાજના મંત્રી શ્રી ડૉ. તિલકભાઈ ચાવડા (અંકલેશ્વર) ટીમ મોદી સપોર્ટર સંઘ ગુજરાત પ્રદેશના અધ્યક્ષ અને ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટના સંગઠન મંત્રી શ્રી પ્રવીણભાઈ નકુમ (અંકલેશ્વર) શ્રી ઘનશ્યામભાઈ રાઠોડ અંકલેશ્વર રૂરલ ના પી.આઈ. જેવી સમાજની ખ્યાતનામ વ્યક્તિઓએ પણ ઉપસ્થિત રહી અને આ માનવસેવા યજ્ઞને શુભેચ્છાઓ પાઠવી હતી.

ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ડૉ. કરશનભાઈ ચાવડાએ કેમ્પની સફળતા અંગે આનંદ વ્યક્ત કરતાં જણાવ્યું કે, ભવિષ્યમાં પણ ટ્રસ્ટ આ પ્રકારના વધુ સેવાકીય આયામો અને પ્રવૃત્તિઓ દ્વારા સમાજમાં શૈક્ષણિક ઉન્નતિ, માનવતા અને જાગૃતિ ફેલાવવાનું કાર્ય કરતું રહેશે. આજરોજ સમસ્ત સતવારા એજ્યુકેશન ટ્રસ્ટના નવા આજીવન દાતા તરીકે ૧૧ દાતાઓના રૂ. ૨૫૦૦૦નાં દાનની નોંધણી થઈ જે ઉચ્ચ શિક્ષણ માટે વિદ્યાર્થીઓને વ્યાજમુકત લોન શિષ્યવૃત્તિ આપવાનું કામ કરે છે. બ્લડ ડોનેશન કેમ્પ દરમિયાન ૫૧ યુવાનો, મહિલાઓ તથા વરિષ્ઠ નાગરિકો દ્વારા પણ રક્તદાન કરવામાં આવ્યું. જે સમગ્ર સમાજ માટે એક

આશાજનક સંકેત છે.

રક્તદાન કેમ્પનું આયોજન સુવ્યવસ્થિત રીતે થયું અને સમગ્ર કાર્યમાં સ્વયંસેવકોની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવવામાં આવી. સમાજ માટે આ પ્રકારની પ્રવૃત્તિઓ માનવતાના ઊંડા મૂલ્યોને ઉજાગર કરતી હોવાને કારણે આ પ્રકારના આયોજનને હંમેશા સિદ્ધિ મળે છે.

સમગ્ર કાર્યક્રમનું નેતૃત્વ તથા દેખરેખ ભરૂચ સમસ્ત સતવારા સમાજ ટ્રસ્ટના પ્રમુખ શ્રી ડૉ. કરશનભાઈ ચાવડા દ્વારા કરવામાં આવી હતી. તેમણે તેમના સંબોધનમાં જણાવ્યું હતું કે, ‘‘આવો ભવ્ય કાર્યક્રમ સમાજના સહકારથી શક્ય બને છે. ભવિષ્યમાં સમાજના ઉન્નતિ માટે વધુ સારી પ્રવૃત્તિઓ થતી રહે એવી આશા છે.’’ આ સમગ્ર આયોજને સમાજને એક મજબૂત સંગઠન તરીકે ફરી એકવાર રજૂ કર્યું છે અને ભવિષ્યમાં આવી વધુ સભ્ય અને પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ થતી રહે એવી સમાજમાંથી અપેક્ષા રાખી શકાય છે. જિલ્લાની પ્રખ્યાત યુનિટી બ્લડ બેંક અને ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૧૫ જૂન ૨૦૨૫ના રોજ એક વિશાળ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૫૧ બોટલ એકત્રિત થઈ જે ખૂબ જ ભવ્ય અને સફળ સાબિત થયું. માનવસેવા માટે સમર્પિત આ ઉદ્દેશપૂર્વક આયોજિત કેમ્પમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉમંગપૂર્વક ભાગ લઈ સમાજપ્રેમ અને માનવતા પ્રત્યેની જવાબદારીનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું.

ભરૂચની યુનિટી બ્લડ બેંક અને ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે ભરૂચના નીલકંઠેશ્વર મહાદેવ મંદિર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ ઉજવણીના મુખ્ય સંચાલકો તરીકે શ્રી ઉમેશભાઈ કણઝરીયા અને ટીમ મોદી સપોર્ટર સંઘ ગુજરાત પ્રદેશ અધ્યક્ષ અને ભરૂચ જિલ્લા સતવારા સમાજના સંગઠ્ન મંત્રી શ્રી પ્રવીણભાઈ નકુમનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું હતું. જેમણે સમગ્ર આયોજનને સુંદર રીતે સંચાલિત કર્યું.

**સંકલન : શ્રી ડો. કે.એસ. ચાવડા**

# ભરૂચ જિલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ. અંકલેશ્વર ઇનામ વિતરણ વર્ષ : ૨૦૨૪-૨૦૨૫ મેરીટ લિસ્ટ (સંમેલન તા. ૧૫-૦૬-૨૦૨૫

| ધોરણ-૧ | નામ | ટકાવારી |
|---|---|---|
| ૧ | દિવ્ય રવિભાઈ પરમાર | ૯૮.૭૫ % |
| ૨ | ચાર્મી નયનભાઈ નકુમ | ૯૭.૩૩ % |
| ૩ | શ્રુતિ વલ્લભભાઈ પરમાર | ૯૨.૨૫ % |
| | **ધોરણ-૨** | |
| ૧ | પ્રિય નકુમ ધનપાલ | ૯૨.૨૦ % |
| ૨ | જેનીશા હસમુખભાઈ તારબુંદિયા | ૯૧.૭૧ % |
| ૩ | સોહમ દિલીપભાઈ પરમાર | ૮૮.૫૦ % |
| | **ધોરણ-૩** | |
| ૧ | હેરીત રાઘવભાઈ ખાણધર | ૯૮.૨૦ % |
| ૨ | રૂદ્ર બ્રિજેશભાઈ કણઝરીયા | ૯૬.૩૦ % |
| ૩ | રૂદ્ર હસમુખભાઈ કણઝરીયા | ૭૯.૦૦ % |
| | **ધોરણ-૪** | |
| ૧ | હેતવી પ્રકાશભાઈ સોનગ્રા | ૯૧.૨૦ % |
| ૨ | આરાધી અશોકભાઈ મકવાણા | ૮૯.૬૦ % |
| ૩ | નક્ષકુમાર સંજયભાઈ ચાવડા | ૮૬.૦૦ % |
| | **ધોરણ-૫** | |
| ૧ | આસ્થાબેન આશારામ કણઝરીયા | ૯૩.૮૦ % |
| ૨ | ધ્રુવી નકુમ ધનપાલ | ૯૦.૦૦ % |
| ૩ | સત્યમ જયંતિલાલ કણઝરીયા | ૮૧.૦૦ % |
| | **ધોરણ-૬** | |
| ૧ | ઉત્તમ જયેશભાઈ ખાણધર | ૭૫.૪૪ % |
| ૨ | કૃષિકા મહેશભાઈ ચોપડા | ૪૮.૧૧ % |
| | **ધોરણ-૭** | |
| ૧ | કૃતાર્થ દિલીપભાઈ ચાવડા | ૯૨.૦૬ % |
| ૨ | વિવેક વિજયભાઈ રાઠોડ | ૮૫.૦૭ % |
| ૩ | દેવાંશી જીગ્નેશભાઈ બુમતારીયા | ૮૧.૬૭ % |

## ધોરણ-૮

| | | |
|---|---|---|
| ૧ | ચૌહાણ નેન્સી નરેન્દ્રભાઈ | ૯૨.૪૩ % |
| ૨ | સોનગ્રા જૈમીન મહેશભાઈ | ૮૪.૬૭ % |
| ૩ | મોરી આત્મીય ભરતભાઈ | ૮૩.૨૨ % |

## ધોરણ-૯

| | | |
|---|---|---|
| ૧ | નકુમ ધ્રુવીલ મનીષભાઈ | ૮૬.૧૪ % |
| ૨ | કણઝરીયા દર્શન જયંતિલાલ | ૭૩.૨૧ % |
| ૩ | કણઝરીયા મીતિક્ષા બ્રિજેશભાઈ | ૬૫.૧૪ % |

## ધોરણ-૧૦

| | | |
|---|---|---|
| ૧ | ચાવડા કૃપા તિલકભાઈ | ૮૮.૧૬ % |
| ૨ | પરમાર જતનકુમાર રવિભાઈ | ૮૭.૬૦ % |
| ૩ | રાઠોડ ઝીન્કલ ધીરજભાઈ | ૮૬.૮૦ % |
| ૪ | નકુમ ઉમંગ નીલેશભાઈ | ૮૧.૧૭ % |

## ધોરણ-૧૨ (કોમર્સ એન્ડ આર્ટસ)

| | | |
|---|---|---|
| ૧ | ચાવડા વિશ્વા દિલીપભાઈ | ૮૧.૦૦ % |
| ૨ | મોરી ભૂમિ ભરતભાઈ | ૬૩.૮૭ % |

| | | |
|---|---|---|
| Diploma Chemical 5 th Sem | નકુમ ધનપાલ ભવાનભાઈ | 8.03 CGPA |
| Diploma Chemical 6 th Sem | મહેશકુમાર જેરામભાઈ સોનગ્રા | 6.55 CGPA |
| Diploma Chemical 5 th Sem | મોરી દિવ્યરાજ અશોકભાઈ | 6.43 CGPA |
| B.A. 3rd year | મોરી રિનલ ભરતકુમાર | 7.34 CGPA |
| B.Tech. Com Sci & Engg 6th Sem | પરમાર રૂદ્ર પ્રભુભાઈ | 8.17 CGPA |
| B.E.Mechnical 7th Sem | પરમાર દેવ રતિલાલ | 6.55 CGPA |
| B.Tech. CE 8th Sem | ચાવડા દર્શન તિલકભાઈ | 8.31 CGPA |
| M.Sc. IT 2nd Sem | વ્રજ નકુમ | 7.56 CGPA |
| M.Sc. Microbiology 4th Sem | પરમાર હેમાંગકુમાર નવીનચંદ્ર | 5.78 CGPA |
| Master in Development Com | ધાર્મી પ્રવીણભાઈ નકુમ | Gold Medal 7.48 CGPA |
| MBA 2nd Sem | સોનગ્રા લાભાર્થ ભરતકુમાર | 7.22 CGPA |
| MBBS 1st Yr | કછટિયા ધવલ નવીનભાઈ | 62.67 % |
| MBBS 5 th Yr | ખાણધર પ્રિયંકા સુરેશભાઈ | Pass |
| BAMS 1th Yr | નકુમ ઈશિતાબેન મનિષભાઈ | 62.60 % |
| BAMS 3rd Yr | પરમાર દેવાંશી પ્રભુભાઈ | 62.38 % |
| BHMS 4th Srm | કછટિયા નિલમ નવીનભાઈ | 66.80 % |
| Bachelor Physiotherapy 3rd year | ખાણધર હાર્દિક સુરેશભાઈ | 61.33 % |
| M.D.Homoeopathy | મનીષભાઈ વશરામભાઈ કણઝરિયા | 60.25 % |
| Ph. D.in. | | |
| Renewable Energy Engineering | ચાવડા તિલકકુમાર વિઠ્ઠલભાઈ | 9.01 CGPA |




ભરૂચ જીલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ, અંકલેશ્વર
આપ સૌનું હાર્દિક સ્વાગત કરે છે.






ભરૂચ જીલ્લા સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ, અંકલેશ્વર




સતવારા જ્ઞાતિ મંડળ ટ્રસ્ટ, અંકલેશ્વર



























# ખંભાત સથવારા કડિયા સમાજ ખંભાત

શ્રી રામજી મંદિર તથા શ્રી જાગનાથ મહાદેવ મંદિરના સાનિધ્યમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ તા. ૦૧-૦૬-૨૦૨૫ ને રવિવારને સાંજે ૪-૦૦ થી ૬-૦૦ દરમ્યાન ખંભાત સથવારા કડિયા સમાજની વાડી, મોચીવાડમાં કડિયા સમાજના ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થી ભાઈ-બહેનોને નોટો તથા ફુલસ્કેપના ચોપડા તથા પેન્સિલ કીટ તથા પેન તથા લંચબોક્સ દાતા તરફથી આપવામાં આવેલ. આ કાર્યક્રમમાં બાળકો તથા તેના વાલીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને તેમાં ખંભાત/નડિયાદ/સોજીત્રા/અમદાવાદ/સુરત/વડોદરા/રાજકોટ ના સૌ જ્ઞાતિજનોએ લાભ લીધેલ.

શ્રી કૃષ્ણકાન્તભાઈ મોહનલાલ મિસ્ત્રી (હાલ અમદાવાદ) રૂ. ૧૦,૦૦૦/- (દસ હજાર એક પુરા) સેવા મળેલ છે.

મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ ચાવડા (હાલ નડિયાદ) Ex આર્મી (લંચબોક્સ સેવામાં મળેલ છે.) હર્ષભાઈ બાલમુકુન્દભાઈ કડિયા (જબરેશ્વર પ્રોવીઝન સ્ટોર) (પેન્સિલ કીટ સેવામાં મળેલ છે.) સપના જેસનડિસુઝા (હાલ દુબઈ) હસ્તે સુરેશભાઈ શાન્તિલાલ મીસ્ત્રી (વાસણા) રૂ. ૧૦,૦૦૦/- (દસ હજાર એક પુરા) સેવા મળેલ છે.) ખંભાત

સાથે અલ્પાહાર (બટાકા પૌઆ) રાખેલ.)

આ કાર્યક્રમમાં દિપાવવા માટે શ્રી રાજેશભાઈ કડિયા શ્રી હર્ષભાઈ કડિયા શ્રી અમિતભાઈ કડિયા, શ્રી નિતેશભાઈ કડિયા (લાલાભાઈ) શ્રી કલ્પેશભાઈ કડિયાએ ખુબ જ જહેમત ઉઠાવી હતી. સર્વ કાર્યકરો દાતાશ્રીઓનો તથા સૌ ઉપસ્થિત રહેનારા સૌ જ્ઞાતિજનોએ તન મન ધનથી સેવા આપેલ તે સૌનો ખૂબ ખૂબ આભાર માને છે.



**સંકલન : કલ્પેશભાઈ કડિયા, ખંભાત સથવારા કડિયા સમાજ ખંભાત**


















**વંદના હોટલ મુકવી**

# શ્રી સમસ્ત સતવારા મહામંડળ દ્વારા નમ્ર અપીલ

વ્હાલા જ્ઞાતિબંધુઓ, નમસ્કાર

સવિનય સહ જણાવવાનું કે સતવારા દર્પણના નવા સભ્ય થવાના પંચવર્ષિય રૂા. ૫૦૦, દશવર્ષિય રૂા. ૧૦૦૦ અને આજીવન રૂા. ૨૦૦૦ના સભ્ય ફી છે. આમાં ધંધાની જાહેરાતના દર અલગ છે. લગ્ન વિષયક ગામના સમાજનું ગૌરવ, પર્સનલ (વ્યક્તિગત) જાહેરાત આપો ત્યારે રૂ. ૫૦૦ દાનભેટના સીધા જ **બેંક ઓફ બરોડા વાડજ બ્રાંચમાં સેવિંગ્સ ખાતા નં. ૭૨૫૦૦૧૦૦૦૦૩૪૨૨ અને IFSC Code** અને **BARB0 DBNVAD (કોડમાં પાંચમો અક્ષર ઝીરો છે.) આપના રૂા. સીધા ઓનલાઇન જેમકે પેટીએમ, ગુગલ પે, ફોન પે, ભીમ એપ્સ કે અન્ય એપ્સ દ્વારા જમા કરાવવા વિનંતી છે.** તેના UPIના નંબર સાથે **સતવારા દર્પણના તંત્રીશ્રીના મો. નં. ૯૮૨૪૭૮૮૨૦૧** ઉપર વોટ્સએપ દ્વારા અવશ્ય મોકલી આપવા વિનંતી છે. **મનીઓર્ડર કોઈએ કરવો નહિ અથવા રોકડા આપવા નહીં.**

આપણા સમાજમાં દરેક ગામમાં કે શહેરમાં થતા જાહેર કાર્યક્રમો જેવા કે સ્નેહ સંમેલન, ઈનામ વિતરણ, યુવા મેળા, સમુહ લગ્ન, શૈક્ષણિક કાર્યક્રમ, ધાર્મિક કાર્યક્રમ કોઈપણ મેડીકલ કેમ્પ હોય ટુંકમાં સમાજમાં થતા કોઈપણ નાના મોટા જાહેર મેળાવડા થતા હોય તો તે કાર્યક્રમોની સતવારા દર્પણના કાર્યાલય ઉપર વોટસએપમાં પી.ડી.એફ. ફાઈલ બનાવી અવશ્ય મોકલી આપવા તેને સતવારા દર્પણમાં છાપવામાં આવશે. જેથી તમારા કાર્યક્રમની સમાજને જાણ થાય તેમજ તેવા કાર્યક્રમો કરવાની અન્ય ગામ કે શહેરને તેના દ્વારા પ્રેરણા મળશે. જે કોઈ સભ્યને સતવારા દર્પણ ન મળતું હોય સરનામું બદલવાનું હોય તો તેની જાણકારી તુરત સતવારા દર્પણના તંત્રીના ઉપર મુજબના મોબાઈલ નં. ઉપર વોટ્સએપ દ્વારા ગ્રાહક નંબર અને સરનામા સાથે અવશ્ય જાણ કરવા વિનંતી છે. તેમની ફરીયાદનો અવશ્ય નિકાલ કરવામાં આવે છે. અને તેની નોંધ લેવામાં આવે છે. તેમને હું હાથથી લખીને અંક કાયમ મોકલી આપું છું. ગ્રાહકોને સંતોષ આપવો એ જ અમારો મુદ્રાલેખ છે. ઘણા સભ્યોએ પોતાના ઘરના સરનામા બદલ્યા છે છતાં પણ હજુ સુધી સતવારા દર્પણના કાર્યાલયને જાણ કરી નથી તેમને અમોએ મોકલેલ અંક પાછા આવે છે. તેઓએ તેમના ઘરના નવા સરનામાની કાર્યાલય ઉપર જાણ કરવા વિનંતી છે. જેથી તેમને અંક મળી શકે.

**લિ.રાજેશભાઈ કે. મકવાણા મહામંત્રીશ્રી સમસ્ત સતવારા મહામંડળ, રમણલાલ સી. મકવાણા - તંત્રીશ્રી સતવારા દર્પણ**

## શ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ સતવારા ભવન હરીદ્વાર

**વ્હાલા જ્ઞાતિજનો,**

**આપ સહુને જણાવવાનું કે જે પણ ભાઈ-બહેનોને હરિદ્વાર ભવનના નિર્માણમાં દાન-ભેટ આપવાની હોય કે લખાવવાની હોય તો તેઓ નીચે દરેકના સરનામા અને મોબાઇલ નંબર આપેલ છે. પ્રમુખશ્રી માવજીભાઈ પી. નકુમ મો. ૯૫૫૮૩ ૮૯૯૯૯, ૯૮૨૫૦ ૯૫૫૧૬**

**શ્રી હરેશભાઈ શામજીભાઈ જાંબુકીયા - મંત્રીશ્રી સમસ્ત સતવારા સમાજ ચેરીટેબલ ટ્રસ્ટ હરિદ્વાર**

**કાર્યાલયનું સરનામું : પરામાં, શેરી નં. ૫,હાઇસ્કુલ પાસે, મુ.પો. રાણપુર, જી. બોટાદ-૩૮૨૨૪૫,મો. ૭૦૪૬૪ ૨૫૧૧૧**

**સતવારા ભવન હરિદ્વારનું સરનામું : સ્વ. જતનબેન કુબેરભાઈ વીરાભા રાઠોડ, સતવારા ભવન-૨૫, સંગમપુરી સોસાયટી, સપ્ત સરોવર રોડ, વૈશ્વદેવીના મંદિર અને ભારતમાતાના મંદિર વચ્ચે, હરિદ્વાર, ઉત્તરાખંડ,**

**સમાજના કોઇપણ વ્યક્તિને હરિદ્વાર જવાનું થાય તો સતવારા સમાજનું ભવન છે. જેને સંપર્ક કરવો હોય તો નીચે જણાવેલ મો.નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી છે.**

